# ઇશ્વર તરફ માર્ગ





All scriptures are taken from the Gujarati Bible with permission from the Bible Society of India.

# ઈશ્વરે આ પૃથ્વી તેમજ સર્વ સજીવોને ઉત્પન્ન કર્યા



**''આદિઓ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા''** -ઉત્પતિ 1:1

**''કેમકે તેનાથી બધાં ઉત્પન્ન થયાં, જે આકાશમાં છે તથા જે પૃથ્વી પર છે..."**

-કોલોસી 1:16

**''તમે આકાશ તથા પૃથ્વીના ઉત્પન્નકર્તા યહોવાના આશીર્વાદ પામ્યા (છો). આકાશો તે યહોવાના આકાશો છે; પણ પૃથ્વી તેણે માણસોને આપી છે.''**

-ગીતશાસ્ત્ર 115:15, 16

જ્યારે ઈશ્વરે આ પૃથ્વી માણસોને સોંપી તે વખતે તો તે સંપૂર્ણ સુંદર અને સારી હતી. ત્યારબાદ ખરેખર શું બન્યું તે જાણવા આ પુસ્તિકા વાંચો.

2

# ઈશ્વરે આપણને ઉત્પન્ન કર્યા



''અને દેવે કહ્યું કે, આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ; અને.... આખી પૃથ્વી ઉપર.... અમલ ચલાવે.''

-ઉત્પત્તિ 1:26

# માણસ એક સજીવ પ્રાણી બન્યો



''અને યહોવા દેવે ભૂમિની માટીનું માણસ બનાવ્યું, ને તેનાં નસકોરાંમા જીવનનો શ્વાસ ફૂંક્યો, અને માણસ સજીવ પ્રાણી થયું''

-ઉત્પત્તિ 2:7

''અને યહોવા દેવે કહ્યું કે, માણસ એકલો રહે તે સારું નથી; હું તેને યોગ્ય એવી એક સહાયકારી સૃજાવીશ.... અને યહોવા દેવે આદમને ભર ઊંઘમાં નાખ્યો; અને તે ઉંઘી ગયો ત્યાર પછી તેણે તેની પાંસળીઓમાંની એક લઈને તેને ઠેકાણે માંસ ભર્યું; અને યહોવા દેવે જે પાંસળી માણસમાંથી લીધી હતી, તેની એક સ્ત્રી બનાવીને માણસની પાસે તે લાવ્યો.''

-ઉત્પત્તિ 2:18, 21-22

# 4 આદમ અને હવા ઈશ્વરને અનાજ્ઞાંકિત બન્યા



આપણે ક્યારેય પણ શેતાનની વાત સાંભળવી જોઈએ નહીં.

**‘‘અને એદન વાડી ખેડવાને, તથા તેનું રક્ષણ કરવાને, યહોવા દેવે તે માણસને તેમાં રાખ્યો. અને યહોવા દેવે તે માણસને એવો હુકમ આપ્યો કે, વાડીના હરેક વૃક્ષ પરનું ફળ તું ખાયા કર; પણ ભલુભૂંડું જાણવાના વૃક્ષનું તારે ખાવું નહિ; કેમ કે જે દિવસે તું ખાશે તે જ દિવસે તું મરશે.’’**

ઉત્પત્તિ 2:15-17

સર્પ કે જેને દુષ્ટ અથવા શેતાન પણ કહેવામાં આવે છે તેણે ઈશ્વરની આજ્ઞાને પડકારી અને તે જુઠું બોલ્યો.

**‘‘અને સર્પે સ્ત્રીને કહ્યું કે, તમે નહિ જ મરશો; કેમ કે દેવ જાણે છે કે તમે ખાશો તે જ દિવસે તમારી આંખો ઊઘડી જશે, ને તમે દેવના જેવાં ભલુભૂંડુ જાણનારા થશો. અને તે વૃક્ષનું ફળ ખાવાને વાસ્તે સારું ને જોવામાં સુંદર, ને જ્ઞાન આપવાને ઈચ્છવાજોગ એવું એ વૃક્ષ છે, તે જોઈને સ્ત્રીએ તોડીને ખાધું; અને તેની સાથે પોતાનો પતિ હતો તેને પણ આપ્યું, ને તેણે ખાધું.’’**

-ઉત્પત્તિ 3:4, 6

# 6 આદમ અને હવા ત્યાર બાદ એદનવાડીમાં રહી શકયા નહી



''માટે જે ભૂમિમાંથી તેને લીધો હતો તે ખેડવાને, યહોવા દેવે એદન વાડીમાંથી તેને કાઢી મૂકયો. અને તે માણસને હાંકી કાઢીને જીવનના વૃક્ષની વાટને સાચવવા સારુ તેણે કરૂબો તથા ચોતરફ ફરનારી અગ્નિરૂપી તરવાર એદન વાડીની પૂર્વગમ મૂકી.''

-ઉત્પત્તિ 3:23-24

# આદમ અને હવાએ પાપ કર્યું તે દિવસ સમગ્ર માનવજાત માટે દુઃખનો દિવસ હતો.





" ...તે માટે જેમ એક માણસથી જગતમાં પાપ પેઠું, ને પાપથી મરણ; અને સઘળાંએ પાપ કર્યું, તેથી સઘળાં માણસોમાં મરણનો પ્રસાર થયો; –રૂમી 5:12

## આટલું યાદ રાખો

દરેક માણસ જન્મથી જ પાપી છે અને દરેકે એક દિવસ મરણ પામવાનું છે કારણ કે પાપને કારણે મરણ આવ્યું. (ફરીથી વાંચો રૂમી 5:12)

## 8 આપણને પાપમાંથી બચાવી લેવા માટે ઈશ્વરે તેની યોજના મુજબ તેના એકના એક પુત્રને મોકલ્યો.



"અને તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે."

-માત્થી 1:21

માનવજાતમાં પ્રવેશ કરવા માટે દેવના પુત્રએ માણસનું સ્વરૂપ ધારણ કરવું પડયું.

''કેમ કે (ખ્રિસ્ત) માં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે.'' -કોલોસી 2:9

''આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો.... શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો...'' - યોહાન 1:1, 14

''હવે એ બધું એ માટે થયું કે, પ્રભુએ પ્રબોધકની મારફતે જે કહાવ્યું હતું તે પુરૂં થાય. એટલે, જુઓ કુંવારી ગર્ભવતી થશે, ને તેને દીકરો થશે, અને તેનું નામ તેઓ ઈમાનુએલ પાડશે, જેનો અર્થ એ છે કે, દેવ આપણી સાથે.'' -માથ્થી 1:22, 23

''કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે; તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે, અને તેને અદભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, ને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવશે. -યશાયાહ 9:6

# 10 ઈસુ ખ્રિસ્ત આપણું સંપૂર્ણ બલિદાન



**''જેણે પાપ જાણ્યું નહોત...'' –** -2 કોરિંથી 5:21

**''તેણે કંઈ પાપ કર્યું નહિ...''**

- 1 પિતર 2:22

લોકો દ્વારાં ચઢાવવામાં આવતા બલિદાનોમાંથી એક પણ બલિદાન પાપ દૂર કરવા માટે સમર્થ ન હતું.

**''કેમ કે ગોધાઓનું તથા બકરાઓનું રકત પાપો દૂર કરવાને સમર્થ નથી.''**

-હેબ્રી 10:4

**ઈસુ દેવનું હલવાન છે. ''જુઓ, દેવનું હલવાન કે, જે જગતનું પાપ હરણ કરે છે !''**

-યોહાન 1:29

# આપણને બચાવવા માટે ઈસુએ પોતાની જાત કે જીવનું બલિદાન આપ્યું.

પ્રભુ ઈસુને લાકડાના વધસ્તંભે દુષ્ટ લોકોએ ઈર્ષાને કારણે જડી દીધા પણ ઈસુનું આ રીતે મરવું ઈશ્વરની યોજના મુજબ હતું. મને અને તમને ઈસુએ કહ્યું,'' **કોઈ મારી પાસેથી (મારો જીવ) લેતો નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છું; તે આપવાનો મને અધિકાર છે, અને તે પાછો લેવાનો પણ મને અધિકાર છે...**

-યોહાન 10:18

ઈશ્વરના હલવાનના લોહીથી આપણે બચાવ કે છૂટકારો પામ્યા.

**''કેમ કે તમે જાણો છો કે તમારા પૂર્વજોથી ચાલતા આવેલા અવરથા આચરણથી વિનાશી વસ્તુઓ વડે, એટલે રૂપા અથવા સોના વડે નહિ, પણ ખ્રિસ્ત, જે નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવો છે. તેના મૂલ્યવાન રક્તથી, તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે."**

-1 પિતર 1:18, 19

બીજા કોઈ જ બલિદાનો પાપ દૂર કરવા સમર્થ નથી

**''....ઈસુ ખ્રિસ્તનું શરીર એક જ વાર અર્પણ થયાથી આપણને પવિત્ર કરવામાં આવ્યા છે.''**

-હેબ્રી 10:10

12 **"...આપણને તેના રક્તથી ન્યાયી ઠરાવવામાં આવ્યા છે, માટે તેની મારફતે દેવના કોપથી બચીશું"** -રૂમી 5:9

"હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે."



આ ચોરે ઈસુ પર વિશ્વાસ કર્યો તેથી તે બચી ગયો.

"...હું તને ખચીત કહું છું, કે આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ." -લૂક 23:43

આ ચોરે ઈસુ પર વિશ્વાસ કર્યો નહી તેથી તે બચી શકયો નહી.

**"...આપણે જ્યારે પાપી હતા (ઈશ્વરને અનાજ્ઞાંકિત) ત્યારે ઈસુ ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યા"** -રૂમી 5:8

## જેટલા ઈશ્વરના પુત્ર (પ્રભુ ઈસુ) પર વિશ્વાસ કરે છે તે બધા જ અનંતજીવન મેળવે છે.

**કેમકે દેવે જગત પર એટલી પ્રીતિ કરી છે કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે.**

-યોહાન 3:16

**''તેણે અંધકારના અધિકારમાંથી આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં આણ્યા. તેનામાં આપણને ઉદ્ધાર, એટલે પાપોની માફી, છે.''**

-કોલોસી 1:13, 14

(ઉદ્ધાર એટલે આપણને ફરીથી ખરીદવામાં આવ્યા છે. પહેલા આપણે પાપને વેચાઈ ગયા હતા.)

# તે ઉઠયો છે



"ત્યારે દૂતે તે સ્ત્રીઓને કહ્યું, બીહો મા, કેમ કે હું જાણું છું કે વધસ્તંભે જડાયેલા ઈસુને તમે શોધો છો. તે અહીં નથી, કેમકે તેના કહ્યા પ્રમાણે તે ઉઠયો છે; આવો, ને જ્યાં પ્રભુ સૂતો હતો તે જગા જુઓ."

-માત્થી 28:5, 6

# ઈસુ મરણમાંથી ઉત્થાન પામ્યા

**"...હું જીવંત છું, હું મૂઓ પણ હતો, અને જુઓ, સદાકાળ જીવતો છું, અને મરણ તથા હાડેસની કૂચીઓ મારી પાસે છે."** -પ્રકટીકરણ 1:18

"...હું જીવું છું માટે તમે પણ જીવશો." -યોહાન 14:19

ખ્રિસ્તે મરણ પર વિજય મેળવ્યો છે અને મરણની કૂચીઓ તેની પાસે છે તેથી હવે આપણે મરણની બીક રાખવાની જરૂર નથી.

**"જ્યારે મને બીક લાગશે ત્યારે હું તારા પર ભરોસો રાખીશ."**

-ગીતશાસ્ત્ર 56:3

(ઈશ્વરના ખાત્રીદાયક વચનો પાન 46 નંબર ઉપર આપ્યા છે તે વાંચો)

**ઈસુ તમને તારે છે અને તમારે સારુ મધ્યસ્થતા કરે છે. "પણ એ તો સદાકાળ રહે છે સંપૂર્ણ રીતે તારવાને એ સમર્થ છે... મધ્યસ્થતા કરવાને સદાકાળ જીવતો રહે છે."** -હેબ્રી 7:24, 25

## 16 તમે અને હું અંનતજીવન પ્રાપ્ત કરી શકીએ છીએ.




**તમે કયો માર્ગ પસંદ કરશો ? ઈશ્વરની સાથે અનંતજીવન ગાળવાનો એક માત્ર માર્ગ ઈસુખ્રિસ્ત છે.**

શેતાનનો માર્ગ અંનતમરણ તરફ દોરી જાય છે.

આ બાળકે અંનતજીવનનો સાચો માર્ગ પસંદ કર્યો છે.

# તમારી પસંદગી કઈ છે ?

''...કોની સેવા તમે કરશો તે આજે જ પસંદ કરો.''

-યહોશુઆ 24:15

''....માટે જીવન પસંદ કરો કે તું તથા તારાં સંતાન જીવતાં રહે.''

-પુનર્નિયમ 30:19

**ઈસુ અંનતજીવનનો માર્ગ છે.**

''બીજા કોઈથી તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી.''

-પ્રેરિતોના કૃત્યો 4:12

''હું, જ યહોવા છું, અને મારા વિના બીજો કોઈ ત્રાતા નથી.''

-યશાયાહ 43:11

# 18 અંનતજીવન પ્રાપ્ત કરવા માટે આપણે ઈસુની જ પસંદગી શા માટે કરવી પડે છે ?

***1. ખ્રિસ્ત જ છે કે જે આવ્યા.***

**"...તેઓને જીવન મળે માટે હું આવ્યો."** -યોહાન 10:10



***2. ખ્રિસ્ત જ છે કે જેણે આપણને પ્રેમ કર્યો અને આપણે સારુ મરણ પામ્યા.***

**"...દેવના દીકરાએ મારા પર પ્રેમ રાખ્યો, અને મારે સારુ પોતાનું અર્પણ કર્યું."** -ગલાતી 2:20

પ્રભુ ઈસુએ આપણી જેમ જ લોહી અને માંસવાળું શરીર ધારણ કર્યું. **"તો છોકરાં માંસ તથા લોહીનાં (બનેલા) હોય છે, માટે તે પણ તે જ રીતે તેઓનો ભાગીદાર થયો; કે જેથી તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો નાશ કરે.**

**અને મરણની બીકથી જેઓ આખા જીવનપર્યંત દાસત્વમાં હતા તેઓને મુક્ત કરે.''** - હેબ્રી 2:14, 15



***3. કેવળ ઈસુના લોહીમાં જ આપણા પાપનો છૂટકારો છે.***

**''...રક્તથી જ પ્રાયશ્ચિત થાય છે.''** -લેવીય 17:11

**''...તેનાં પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે.''**

-1 યોહાન 1:7

**''તેનામાં આપણને ઉદ્ધાર એટલે પાપોની માફી, છે.''**

-કોલોસી 1:14



### *4. ઈસુ ખ્રિસ્ત મરણમાંથી સજીવન થયા.*

‘‘કેમ કે આપણે જાણીએ છીએ કે ખ્રિસ્તને મૂએલામાંથી ઉઠાડવામાં આવ્યા પછી તે ફરીથી મરનાર નથી; હવે પછી મરણનો ફરીથી તેના પર અધિકાર નથી’’

-રૂમી 6:9

‘‘અને જેઓ જીવે છે તેઓ હવેથી પોતાને અર્થે નહિ, પણ જે તેઓને વાસ્તે મૂઓ તથા પાછો ઉઠયો તેને અર્થે જીવે. માટે તે સર્વેને વાસ્તે મૂઓ.″

-2 કોરિંથી 5:15

ઈસુએ કહ્યું, ‘‘...હું જીવું છું, માટે તમે પણ જીવશો.’’ -યોહાન 14:19

## 5. અનંતજીવન મેળવવા માટે આપણી અંદર ખ્રિસ્તનો આત્મા વાસો કરવો જોઈએ.



"તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા છે." -કોલોસી 1:27

"જેણે ઈસુને મૂએલામાંથી ઉઠાડયો, તેનો આત્મા જો તમારામાં વસતો હોય, તો જેણે ખ્રિસ્ત ઈસુને મૂએલામાંથી ઉઠાડયો, તે તમારામાં વસનાર પોતાના આત્માની મારફતે તમારા મર્ત્ય શરીરોને પણ સજીવન કરશે." -રૂમી 8:11

ખ્રિસ્તનો આત્મા તમારામાં વસે એવું થવા દો,
"...જો કોઈને ખ્રિસ્તનો આત્મા નથી, તો તે ખ્રિસ્તનો નથી."
-રૂમી 8:9

# તમે અંનતજીવન કેવી રીતે મેળવી શકો ?

**પાન નં. 24 ઉપર આપેલ માર્ગદર્શક મુદ્દાઓ વાંચી જાઓ.**

પાન નં. 24 ઉપર



**"બાળક પણ પોતાના આચરણથી ઓળખાય છે.''**

-નીતિવચન 20:11

''ઈસુ મને પ્રેમ કરે છે, તે હું જાણું છું, બાઈબલ પણ આમ જ કહે છે.''

# ઈસુ બધા જ બાળકોને પ્રેમ કરે છે.

**''પરંતુ ઈસુએ તેઓને પાસે બોલાવીને કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા દો, તેઓને વારો મા; કેમ કે દેવનું રાજ્ય એવાંઓનું છે.''**

-લુક 18:16

**''એમ આ નાનાઓમાંથી એકનો પણ નાશ થાય, એવી તમારા આકાશમાંના બાપની ઈચ્છા નથી.''** -માત્થી 18:14

તમે ગમે તે વ્યકિત હો અનેગમે ત્યાં રહેતા હો; ઈસુ તમને પ્રેમ કરે છે અને તમારે સારું મરણું પણ પામ્યા. ઈસુને તમે પણ પ્રેમ કરો તેવું તે ઈચ્છે છે. ઈસુની આજ્ઞાઓ પાળીને તમે ઈસુ પ્રત્યે તમારો પ્રેમ જાહેર કરી શકો છો.

**''જો તમે મારા પર પ્રેમ રાખો છો, તો મારી આજ્ઞાઓ પાળો."**

-યોહાન 14:15

## 24 ઈશ્વર તરફ તમારો માર્ગ કેવી રીતે શોધશો ?

*1 તમે પાપી છો એ કબુલ કરો. (ઈશ્વરને અનાજ્ઞાંકિત બનીને)*

''કારણ કે સઘળાએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે.'' -રૂમી 3:23

*2 પ્રભુ ઈસુ મારફતે ઈશ્વર પાસે આવો.*

''કેમકે દેવ એક છે, અને દેવ તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે, એટલે ખ્રિસ્ત ઈસુ પોતે માણસ.'' -1 તિમોથી 2:5

''માટે તેઓ એની મારફતે દેવની પાસે આવે છે, તેઓને સંપૂર્ણ રીતે તારવાને એ (ઈસુ) સમર્થ છે...'' -હેબ્રી 7:25

ઈસુએ કહ્યું, ''જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિ જ મૂકીશ.''
-યોહાન 6:37

***3 તમારાં પાપોનો પસ્તાવો કરો.***

(પસ્તાવો એટલે ખૂબજ દીલગીરી સાથે કબુલ કરીને પાપ કરવાનું મૂકી દેવું.)

**''માટે તમે પસ્તાવો કરો, ને ફરો, જેથી તમારાં પાપ ભૂંસી નાંખવામાં આવે...''** -પ્રેરિતોના કૃત્યો 3:9

**''...પ્રભુ પોતાના વચન સંબંધી વિલંબ કરતો નથી; પણ કોઈનો નાશ ન થાય પણ સઘળા પશ્ચાતાપ કરે, એવું ઈચ્છીને પ્રભુ તમારે વિષે ધીરજ રાખે છે.''**

-2 પિતર 3:9




***4 તમારાં પાપ ઈસુ આગળ કબૂલ કરો.***

(કબૂલ કરવું એટલે મોંથી બોલીને સ્વીકારવું કે મંજુર રાખવું)

પાન નંબર 25 ઉપર પ્રાર્થના કરતા હાથમાં 1 યોહાન 1:9 મી કલમ આપવામાં આવી છે; આ કલમને તમે નીચે આપેલ લીટીઓમાં સુંદર અને સુવાચ્ય અક્ષરમાં લખો અથવા ટાઈપ કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

***5. તમારાં પાપ ત્યજી દો.***

(ત્યજી દેવું એટલે મૂકી દેવું, તરછોડવું)

"જે માણસ પોતાનાં ઉલ્લંઘનો છૂપાવે છે તેની આબાદી થશેનહિ; પણ જે કોઈ તેમને કબૂલ કરીને તેનો ત્યાગ કરેછે, તેઓ પર દયા કરવામાં આવશે.'' -નીતિવચન 28:13

''ભૂંડાંથી દૂર થા, અને ભલું કર...'' -ગીતશાસ્ત્ર 37:27



## 6. પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કરો.



"જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને દેવે તેને મૂએલામાંથી પાછો ઊઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ.'' -રૂમી 10:9

''કેમકે તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામેલા છો... એ તો દેવનું દાન છે, કરણીઓથી નહિ, રખેને કોઈ અભિમાન કરે.''

-એફેસી 2:8, 9

"તેઓએ તેને કહ્યું કે, પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, એટલે તું તથા તારા ઘરના સર્વ માણસો તારણ પામશે.''

-પ્રેરિતોના 16:31

## *7. તમારા હૃદયમાં અને જીવનમાં ઈસુને આવવા દો.*

કેવળ તમે જ તમારા હૃદયનો દરવાજો ખોલીને ઈસુને અંદર આવવા આમંત્રણ આપી શકો છો.



ઈસુએ કહ્યું, "જુઓ હું બારણા આગળ ઉભો રહીને ઠોકું છું; **જો કોઈમારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની પાસે માંહે આવીને તેની સાથે જમીશ; ને તે મારી સાથે જમશે."**

-પ્રકટીકરણ 3:20

**''પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવના છોકરાં થવાનો અધિકાર આપ્યો."**

-યોહાન 1:12

# નમૂનાની એક પ્રાર્થના

જો તમે પહેલાં કદી પ્રાર્થના કરી ન હોય અને જોતમે હવે પ્રાર્થના કરવા માંગો છો પણ તે માટે માર્ગદર્શનની જરૂર છે તો નીચે મુજબની પ્રાર્થનાથી તમે શરૂઆત કરો.



**વ્હાલા પ્રભુ ઈસુ,**

**વધસ્તંભ ઉપર મરણ પામીને મારાં પાપો તમે તમારા માથે લઈ લીધાં માટે તમારો આભાર માનું છું, મેં જે જે ખોટું કર્યું છે તે બદલ હું તમારી માફી માંગું છું. તમને હું વિનંતી કરું છું કે તમે મારા હૃદયમાં આવી ને સદા વાસો કરો. હું અત્યારે જ તમારા ઉપર ભરોસો રાખું છું, તમે મારા હૃદયને શુદ્ધ કરો. હું તમને મારા અંગત તારનાર અને પ્રભુ તરીકે સ્વીકારું છું.**

-પ્રભુ ઈસુના નામમાં, આમેન.

**30 તમારા હૃદયમા ઈસુ ખ્રિસ્તને રાખવાથી તમે સલામત છો.**

**"...દેવે આપણને અનંતજીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે, જેને (દેવનો) પુત્ર છે તેને જીવન છે..."** -1 યોહાન 5:11, 12

**"...જે મારા વચન સાંભળે છે, અને મને મોકલનાર પર વિશ્વાસ કરે છે, તે... મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે."** -યોહાન 5:24

જ્યારે આપણે મરણ પામીએ ત્યારે આપણે ઈશ્વર પાસે જઈએ છીએ...

"..શરીરથી વિયોગી થવું તથા પ્રભુની સાથે વાસો કરવો..."

-2કોરંથી 5-8

**"...તમારામાં ખ્રિસ્ત મહિમાની આશા છે."** -કોલોસી 1:27

જો તમે તમારા પાપની માફી માટે પ્રાર્થના કરી હોય અને પ્રભુ ઈસુ ઉપર તમારા તારનાર તરીકે વિશ્વાસ કરતા હો તો, તમારું નામ નીચે લખો.

---

# પ્રભુ ઈસુને સતત કેવી રીતે અનુસરાય ? 



બાઈબલ જે દેવના જીવંત વચનો છે તેમાંથી દરરોજ વાંચો અનેવાંચેલી કલમ હૃદયમાં ઉતારો, તેમજ વાંચેલી કલમો ઉપર મનન કરો, મોઢે કરો જે તમને સહાયરૂપ છે.

**"દરેક શાસ્ત્ર ઈશ્વર પ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે.''** - 2તિમોથી 3:16

# 32 પ્રાર્થના દ્વારા ઈસુની સાથે ગમે તે સમયે વાતચીત કરો.



જીવનમાં ઈશ્વરે આપેલા સારાંવાનાં ને માટે **ઈશ્વરનો આભાર માનો.** તેણે તમારે સારું ઘણું કર્યું છે અને તમારા આત્માનો ઉદ્ધાર કર્યો છે તે માટે તેની સ્તુતિ કરો. **તમારી કોઈપણ જરૂરીઆત માટે** પ્રાર્થના કરો. બધીજ પ્રાર્થના ઈસુને નામે કરો.

**''...જો આપણે તેની ઈચ્છા પ્રમાણે કંઈ માગીએ, તો તે આપણું સાંભળે છે.''** - 1 યોહાન 5:14

**''...જો તમે બાપ પાસે કંઈ માંગશો તો તે તમને મારે નામે તે આપશે.''** -યોહાન 16:23

**''....એકબીજાને સારુ પ્રાર્થના કરો.''** -યાકુબ 5:16

**''....તમારા વૈરીઓ પર પ્રીતિ કરો, અને તમારી પૂઠે લાગે છે તેઓને સારુ પ્રાર્થના કરો.''** -માત્થી 5:44

## પ્રભુ ઈસુએ તેમના શિષ્યોને આ પ્રાર્થના શીખવી હતી. 

(શિષ્યનો અર્થ ઈસુને અનુસરનાર)

ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું કે તમે આ પ્રમાણે પ્રાર્થના કરો:

**''ઓ આકાશમાના અમારા બાપ, તારૂ નામ પવિત્ર મનાઓ; તારું રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઈચ્છા પૂરી થાઓ, દિવસની અમારી રોટલી આજ અમને આપ. અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યા છે, તેમ તું અમારા ઋણો અમને માફ કર. અને અમને પરીક્ષણમાં ન લાવ. પણ ભૂંડાંથી અમારો છૂટકો કર. કેમ કે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.'**

-માત્થી 6:9-13

આ પ્રાર્થના મોઢે કરો. વિશ્વાસીઓ એકઠા મળે છે ત્યારે ઘણીવાર મોટેથી આ પ્રાર્થના કરે છે.

# 34 સાચું જીવન જીવવા માટેની ઈશ્વરની દશ આજ્ઞાઓ

(નિર્ગમનનો 20 મો અધ્યાય)

***પહેલી ચાર આજ્ઞાઓ આપણે ઈશ્વરને પ્રેમ કરીએ તે અંગે છે.***

1. "મારા સિવાય તારે કોઈ અન્ય દેવો ન હોય.''

2. ''તુ તારે સારૂ કોઈ કોરેલી મૂર્તિ ન કર... તું તેઓની આગળ ન નમ. અને તેઓની સેવા ન કર'';

3. "તારા દેવ યહોવાહનું નામ તું વૃથા ન લે;''

4. ''સાબ્બાથ દિનને પવિત્ર પાળવાને તું યાદ રાખ.''

**પાછળની છ આજ્ઞાઓ આપણે બીજા લોકો ઉપર પ્રેમ કરીએ તે અંગે છે.**

# દસ આજ્ઞાઓ (ચાલુ)

5. ''તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ.''
6. ''તું ખૂન ન કર.''.
7. ''તું વ્યભિચાર ન કર.'' (વ્યભિચાર એટલે શારિરીક સંબંધમાં પતિ–પત્ની નું અવિશ્વાસીપણું)
8. ''તું ચોરી ન કર.''
9. ''તું તારા પડોશી વિરૂદ્ધ જૂઠી સાક્ષી ન પૂર.''
10. ''તું પડોશીના ઘર પર લોભ ન રાખ.''

**ઈશ્વરની આજ્ઞાઓ પાળવાથી આપણી પ્રાર્થનાઓ ઈશ્વર સાંભળીને જવાબ આપે છે.**

''અને જે કંઈ આપણે માગીએ છીએ, તે તેની પાસેથી આપણને મળે છે, કેમ કે આપણે તેની આજ્ઞાઓ પાળીએ છીએ, અને તેની નજરમાં જે પસંદ પડે છે તે કરીએ છીએ.'' - 1 યોહાન 3:22

# સૌથી મોટી બે આજ્ઞાઓ

## *ઈશ્વર પ્રત્યે પ્રેમ*

**1. ''  ત્યારે ઈસુએ તેને કહ્યું કે, પ્રભુ તારા દેવ પર તું તારા પૂરા હૃદયથ, ને તારા પુરા જીવથી, ને તારા પૂરા મનથી પ્રીતિ કર. પહેલી ને મોટીઅ આજ્ઞા એ છે.''**

માથ્થી 22:37, 38

## *મનુષ્ય પ્રત્યે પ્રેમ*

**2. ''અને બીજી આજ્ઞા એના જેવી જ છે, એટલે જેવી પોતા પર તેવી પોતાના પડોસી પર તું પ્રીતિ કર.''**

-માથ્થી 22.39




દશ આજ્ઞાઓ (પાન નં. 34 અને 35) નો સાર આ બે મોટી આજ્ઞાઓમાં આવી જાય છે.

# પ્રેમ સૌથી મહાન છે.
## મહાન ''પ્રેમનો અધ્યાય''

(1 કોરીંથી 13:1-8, 13)

1જો કે હું માણસોની તથા દૂતોની પણ ભાષાઓ બોલું, પણ મારામાં પ્રીતિ ન
હોય, તો રણકારો કરનાર પિત્તળ કે ઝમકાર કરનાર ઝાંઝના જેવો હું થયો છું.
2જે કે મને પ્રબોદ્ કરવાનું દાન હોય, અને હું સર્વ મર્મો તથા સર્વ વિધા જાણતો
હોઉ, અને જો હું પર્વતોને પણ ખસેડી શકું એવો મને પૂરો વિશ્વાસ હોય, પણ
મારામાં પ્રીતિ ન હોય તો હું કંઈ નથી. 3જો કે હું (કંગાલોનું) પોપણ કરવા
સારૂ મારી સર્વ સંપત્તિ આપી દઉ, અને જો હું મારું શરીર અગ્નિને સોંપું, પણ
મારામાં પ્રીતિ ન હોય, તો મને કશો લાભ નથી. 4પ્રીતિ સહનશીલ તથા
પરોપકારી છે; પ્રીતિ અદેખાઈ કરતી નથી; પ્રીતિ આપવડાઈ કરતી
નથી, ફુલાઈ

 જતી નથી. [5]અયોગ્ય રીતે વર્તતી નથી, પોતાનું જ (હિત) જોતી નથી,
ખિજવાતી નથી, અપકારને લેખવતી નથી. [6]અન્યાયમાં હરખાતી નથી,
પણ સત્યમાં હરખાય છે. [7]સઘળું ખમે છે, સઘળું ખરૂં માને છે, સઘળાની આશા
રાખે છે, સઘળું સહન કરે છે. [8]પ્રીતિ કદી ખૂટતી નથી; પણ ભવિષ્ય (ભાખવાનું)
દાન હોય તો તે લોપ થશે; ભાપઓ હોય, તો તેઓનો અંત આવશે; વિધા હોય
તો તે જતી રહેશે.
[13]હવે વિશ્વાસ, આશા તથા પ્રીતિ એ ત્રણે ટકી રહે છે; પણ તેઓમાં પ્રીતિ
શ્રેષ્ઠ છે.

## દેવ પ્રેમ છે

"...દેવ પ્રેમ છે, અને જે પ્રેમમાં રહે છે તે દેવમાં ને દેવ તેનામાં રહે છે."

-1 યોહાન 4:16

# તમે બીજાઓને સાક્ષી



**આપો એ પ્રભુ ઈસુને ગમે છે.**
(ઘરમાં શાળામાં, ચર્ચમાં કે ગમે ત્યાં)

ઈસુએ કહ્યું કે, "**તારે ઘેર તારાં સગાંઓની પાસે જા, ને પ્રભુએ તારે સારુ કેટલું બધુ કર્યું છે, ને તારા પર દયા રાખી તેની ખબર તેઓને આપ.**''

-માર્ક 5:19

## 40 ઈશ્વરના સાચા બાળકને કેવી રીતે ઓળખી શકાય ?

''તે માટે તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો.'' - માથ્થી 7:20

''પણ (પવિત્ર) આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણુ, નમ્રતા તથા સંયમ છે.'' -ગલાતી 5:22, 23

**ઈશ્વરનું સાચું બાળક બીજાને માફ કરે છે.**

''કેમ કે જો તમે માણસોને તેઓના અપરાધ માફ કરો, તો તમારો આકાશમાંનો બાપ તમને માફ કરશે.'' -માથ્થી 6:14

**સાતવાનાં ઈશ્વર ધિક્કારે છે.**

''એટલે ગર્વિષ્ઠ આંખો, જૂઠાબોલી જીભ, નિર્દોપ લોહી વહેવડાવનાર હાથ; દુષ્ટ તરંગો રચનાર હ્રદય, નુકશાન કરવોને દોડી જનાર જલદ પગ; અસત્ય ઉચ્ચારનાર જુઠો સાક્ષી અને ભાઈઓમાં કુસંપનું બીજ વાવનાર.''

-નીતિવચન 6:17-19




## દેહના કામ

''દેહના કામ તો ખુલ્લાં છે, એટલે વ્યભિચાર, અપવિત્રતા, લંપટપણુ, મૂર્તિપૂજા, જાદુ વેરભાવ, કજિયા-કંકાશ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, કુસંપ, પક્ષાપક્ષી, અદેખાઈ, છાકટાઈ, વિલાસ તથા એઓના જેવા (કામ); જેમ પહેલા મે તમને ચેતાવ્યા હતા તેમ તેઓ વિષે હમણા પણ ચેતવું છું કે, જેઓ એવા કામ કરે છે તેઓ દેવના રાજ્યોનો વારસો પામશે નહિ''

-ગલાતી 5:19-21

**''.....પુમૈથુનીઓ...ચોરો....લોભીઓ."**

-1 કોરિંથી 6:9

## પ્રભુ ઈસુ તેના આત્માથી ભરીને શુદ્ધ કરે છે.

''વળી તમારામાંના કેટલાક એક એવા હતા; પણ તમે પ્રભુ ઈસુને નામે તથા આપણા દેવના આત્માથી શુદ્ધ થયા, અને પવિત્રીકરણ તથા ન્યાયીકરણ પામ્યા.''

-1 કોરંથી 6:11

# નર્ક નામની એક જગ્યા છે




(લૂક 16:19-26 વાંચો)

પ્રભુ ઈશુ પર વિશ્વાસ કરો એટલે તે તમારું નામ જીવનન પુસ્તકમાં લખશે.

**''જો કોઈ જીવનપુસ્તકમાં નોંધેલો માલૂમ પડયો નહિ, તો તેને અગ્નિરૂપી ખાઈમાં નાંખી દેવામાં આવ્યો.''** -પ્રકટીકરણ 20:15

# કેવળ પ્રભુ ઈશુ જ એક માર્ગ છે જે ઈશ્વર પાસે દોરી જાય છે.



''....ઈશ્વરે આપણને અનંતજીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે.''
- 1 યોહાન 5:11

''કેમ કે પાપનો મુસારો મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે.''
-રૂમી 6:23

''દીકરા પર જે-વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; પણ દીકરાનું જે નથી માનતો, તે જીવન નહિ દેખશે, પણ તેના પર દેવનો કોપ રહે છે.''
-યોહાન 3:36

''ઈસુ તેને કહે છે, માર્ગ તથા સત્ય તથા જીવન હું છું; મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતુ નથી.''
-યોહાન 14:6

# સ્વર્ગ નામની એક જગ્યા છે



પ્રકટીકરણના 21 મા અધ્યામાં યોહાનનું દર્શન જેમાં તેને નવા આકાશ તથા નવી પૃથ્વીનું દર્શન થાય છે.

**‘‘ તે તેઓની આખોમાનું દરેક આસું લૂછી નાંખસે; મરણ ફરીથી થનાર નથી; પ્રથમની વાતો જતી રહેલી છે રાજ્યાસન પર બઠેલો છે તેણે કહ્યું કે, જુઓ, હું સઘળું નવું બનાવું છું વળી તે કહે છે કે તું લખ; કેમ કે આ વાતો વિશ્વાસયોગ્ય તથા સત્ય છે.’’** -પ્રકટીકરણ 21:4, 5

યોહાને પવિત્રનગર નવું યરૂશાલેમ પણ જોયું જે સ્વર્ગથી નીચે ઉતરી રહ્યું હતું ‘‘…**અને નગર નિર્મળ કાચના જેવા ચોખ્ખા સોનાનું મૂલ્યવાન પાષાણથી સુશોભિત હતું.’’**

-પ્રકટીકરણ 21:18, 19

## જેઓ વિશ્વાસ કરે છે તે સર્વ માટે ઘર બનાવવા પ્રભુ ઈસુ ગયા છે.

**''તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો; તમે દેવ પર વિશ્વાસ રાખો છો; મારા પર પણ વિશ્વાસ રાખો, મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણા છે, નહિ તો હું તમને કહેત; કેમ કે હું તમારા માટે જગા તૈયાર કરવાને જાઉં છું અને જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશુ; જેથી જ્યા હું ત્યા તમે પણ (રહો)''**

-યોહાન 14:1-3

### આ શુભ સમાચાર બીજાઓને પણ કહો

તેઓને કહ્યું કે, ''આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો.''

-માર્ક 16:15

**''...અને જે જ્ઞાની છે તે (બીજા) આત્માઓને બચાવે છે.''** -નીતિવચન 11:30

# 46 ઈશ્વરના બાળકો માટે ઈશ્વરના ખાત્રીદાયક વચનો

''...હું તને કદી મૂકી દઈશ નહિ અને તને તજીશ પણ નહિ.'' -હેબ્રી 13:5

''તને તારા સર્વ માર્ગમાં સંભાળવાને માટે તે પોતાના દૂતોને આજ્ઞા આપશે.''
ગીતશાસ્ત્ર 91:11

''...મારા બાપના હાથમાંથી કોઈ (તેઓને) છીનવી લેવા સમર્થ નથી.''
-યોહાન 10:29

''...જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું.''
-માત્થી 28:20



''તારે જે જે સહન કરવું પડશે, તેનાથી બીતો ના;... તું મરણ પર્યંત વિશ્વાસુ થઈ રહે, અને હું તને જીવનનો મુગટ આપીશ.'' -પ્રકટીકરણ 2:10

''...જો હું અંધારામાં બેસું, તો પણ યહોવા મને (ત્યાં) અજવાળારૂપ થશે.'' મીખાહ 7:8

''મને હાંક મારા એટલે હું તને ઉત્તર આપીશ...''
-યિર્મેયાહ 33:3

# પ્રભુ ઈસુ જલ્દી પાછા આવી રહ્યા છે.

## પ્રત્યેક વ્યક્તિ મરણમાંથી સજીવન થશે.

"...એવી વેળા આવે છે કે જ્યારે જેઓ કબરમાં છે તેઓ સર્વ તેની વાણી સાંભળશે; અને જેઓએ સારા કામ કર્યા છે, તેઓ જીવનનું ઉત્થાન પામવા સારુ, નીકળી આવશે." -યોહાન 5:28, 29



## ખ્રિસ્તમાં ઉંઘેલા પ્રથમ ઉઠશે

પછી આપણામાંનાં જેઓ જીવતાં રહેનારાં છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળામાં તણાઈ જઈશું, અને એમ સદા પ્રભુની સાથે રહીશું, -1 થેસ્સાલોનિકા 4:17

"...જાગતા રહીને પ્રાર્થના કરો; કેમ કે તે સમય કયારે આવશે તે તમે જાણતા નથી." -માર્ક 13:33

# પ્રભુ ઈસુ કેવી રીતે આવશે ?



''જુઓ, તે વાદળાં સહિત આવે છે, દરેક આંખ અને જેઓએ તેને વીંધ્યો તેઓ પણ તેને જોશે; અને પૃથ્વી પરની સર્વ જાતિઓ તેને લીધે વિલાપ કરશે હા આમીન.'

-પ્રકટીકરણ 1:7

**જુઠા મસીહ અને જુઠા ભાવિષ્યવેતાઓથી સાવધ રહો.**

''ત્યારે જો કોઈ તમને કહે કે જુઓ, ખ્રિસ્ત અહીં અથવા ત્યાં છે, તો તમે માનતા ના; એ માટે જો તેઓ તમને કહે કે, જુઓ, તે રાનમાં છે, તો બહાર ન જતા, જુઓ, તે ઓરડીઓમાં છે, તો ન માનતા. -માથ્થી 24:23-26

**પ્રભુ ઈસુ વાદળો ઉપર સવારી કરી જલ્દી આવશે.**

''કેમ કે જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમ જ માણસના દીકરાનું આવવું થશે... પૃથ્વી પરના સઘળાં કુળો શોક કરશે; અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમા સહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે.''-માથ્થી 24:27-30

# ભલા ભરવાડનું ગીત

(ગીતશાસ્ત્ર 23)

1. **યહોવાહ મારો પાળક છે, તેથી મને કશી ખોટ પડશે નહિ,** 2. તે મને લીલા
બીડમાં સુવાડે છે; તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે. 3. તે મારા આત્માને તાજો કરે છે; પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.
4. **જોકે મરણની છાયાની ખીણમાં હું ચાલું, તો એ હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમકે તું મારી સાથે છે; તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે.**
5. મારા શત્રુઓના દેખતાં તું મારે વાસ્તે ભાણું તૈયાર કરે છે; તેં મારા માથા પર તેલ ચોળ્યુ છે; મારો પ્યાલો ઉભરાઈ જાય છે.
6. નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા મારી સાથે આવશે; અને હું સદાકાળ યહોવાના ઘરમાં રહીશ.